# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-08-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- સાતમા રાષ્ટ્રીય પોષણ માસનો દેશવ્યાપી પ્રારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી .. માતા અને બાળકના સુપોષણ પર ભાર મૂકાયો
- રાજ્યના મેડિકલ, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો
- વરસાદને કારણે મોકૂફ રખાયેલી જીપીએસસીની ડેપ્યુટી સેક્શન ઓફિસરની પરીક્ષા હવે આઠથી 11 સપ્ટેમ્બર દરમિયાન લેવાશે.
- રાજ્યમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસરતા સફાઇ અને આરોગ્યલક્ષી કામગીરી પૂરજોશમાં
- રાજ્યમાં PM જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા 1 કરોડ 87 લાખને પાર, 1 કરોડ 41 લાખથી વધુ RuPay કાર્ડ અપાયાં

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GUJARAT POSHAN MAH

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રવ્યાપી પોષણ માહની સાતમી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો હતો. આ આવૃત્તિમાં દેશમાંથી કુપોષણ નાબૂદ કરવા માટે એનિમિયા અંગે જાગૃતિ, પોષણ ભી પઢાઈ ભી, અને ટેકનોલોજીના ઉપયોગથી સુશાસન અને પૂરક આહાર પર ભાર મૂકવામાં આવશે.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે, દેશમાં તંદુરસ્ત અને સશક્ત મહિલાઓ તથા બાળકીઓ દ્વારા જ વિક્સિત ભારતનો સંકલ્પ સાકાર થઈ શકશે. તાજેતરનાં કેન્દ્રીય અંદાજપત્રમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે મહિલાઓ અને બાળકીઓ માટેની વિવિધ યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમણે નવીન આંગણવાડીઓનાં ગુજરાત મોડલ અને શાસનમાં ટેકનોલોજી ઉપયોગની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે બોલતાં ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે રાષ્ટ્રીય પોષણ અભિયાન માતા અને બાળ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી આખી ઈકોસિસ્ટમમાં બદલાવનો નવતર અભિગમ બન્યું છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

-----------------------

## CM KRUSHI SEMINAR

'અમૃતકાળમાં કૃષિ પેદાશોના પ્રસંસ્કરણ અને મૂલ્યવર્ધનનું મહત્વ' વિષય પર આયોજિત સેમિનારનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવ્યો હતો. ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ દ્વારા અમદાવાદ સ્થિત 'બંસી ગૌશાળા' ખાતે આયોજિત સેમિનારમાં મુખ્યમંત્રીએ પ્રાકૃતિક ખેતીથી શ્રેષ્ઠ ઉત્પાદન મેળવતા પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'બેક ટુ બેઝિક'ના મંત્ર સાથે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા તેમજ અન્ય કુદરતી સંસાધનોના ઉપયોગ પર ભાર મૂકાઇ રહ્યો છે.. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્ય સરકારના પ્રયત્નોથી ગુજરાત પ્રાકૃતિક ખેતીમાં આગળ વધી રહ્યું છે.

-----------------

## INTERS DOCTOR'S STIPEND RISE

રાજ્યના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબો માટે સરકારે સ્ટાઇપેન્ડમાં વધારો કરવાનો  નિર્ણય કર્યો છે. સરકારી અને GMERS મેડિકલ કૉલેજમાં સેવારત ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો કરાયો છે..મેડિકલ , ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોને પણ વધારાનો લાભ મળશે..સ્ટાઇપેન્ડ દરમાં વધારો પહેલી એપ્રિલ2024ની અસરથી અમલમાં આવશે..

રાજ્યની 6 સરકારી અને 13 ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને

અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઇપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

આ વધારા અનુસાર ઇન્ટર્ન્સને 21 હજાર 840, ડેન્ટલમાં 20 હજાર 160, ફિઝીયોથેરાપીમાં 13 હજાર 440 રૂપિયા તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં 15 હજાર 120 રૂપિયા સ્ટાઇપેન્ડ મળશે.

ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સ, ક્લીનીકલ આસિસટન્ટ, સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના પહેલા, બીજા, ત્રીજા મેડિકલ રેસીડેન્ટ્સને પણ આ વધારાનો લાભ મળશે.

----------------------

## GPSC EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ડેપ્યુટી સેક્શન ઓફીસરની પરીક્ષાની નવી તારીખ જાહેર કરી છે. હવે આ પરીક્ષા 8, 9, 10 અને 11મી સપ્ટેમ્બરે લેવાશે.. સતત ચાર દિવસ ચાલનારી આ પરીક્ષા લેવા માટે જીપીએસસીએ તમામ તૈયારીઓ કરી દીધી છે..

તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે આ પરીક્ષા મોકૂફ રખાઇ હતી. પરંતુ હવે વરસાદની પરિસ્થિતિમાંથી રાહત મળતાં જીપીએસસીએ આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરી દીધી છે.

-----

# RESTORETION WORK

રાજ્યમાં થયેલા અતિભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઇ હતી.. હવે આવા વિસ્તારોમાંથી પાણી ઓસરતા તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે સફાઇ કામગીરી થઇ રહી છે.

કચ્છમાં માર્ગ-મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે માર્ગ મરામતનું કાર્ય શરૂ થઇ ચૂક્યું છે. વાહન વ્યવહાર પૂર્વવત કરવા ૨૪ કલાકમાં ૩૩ રસ્તાઓ શરૂ કરાયાં છે. મેલેરીયા, ચિકનગુનીયા, ડેન્ગ્યુ, ટાઈફોડ, કોલેરા જેવો રોગચાળો ફાટી નીકળે તેની સંભાવના હોય છે. શહેર તથા ગ્રામ્યકક્ષાએ જંતુનાશક દવાઓનો છંટકાવ, સાફ- સફાઇ, પાણી નિકાલ, પાણીના ટાંકાનું કલોરીનેશન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે.

આદિજાતિ વિકાસ, મંત્રી ડો. કુબેર ડિંડોરના અધ્યક્ષસ્થાને મહીસાગર જિલ્લામાં ભારે વરસાદના કારણે થયેલ નુકસાન અન્વયે સમીક્ષા કરાઇ હતી. જેમાં સંતરામપુર નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ કરાયો હતો. પાણીનો નિકાલ, સફાઈ કામગીરી તેમજ રોગચાળો ના ફેલાય તે માટે દવા છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. મહીસાગર જિલ્લામાં પશુ મૃત્યુ અંતર્ગત 8 લાખ 4 હજારની સહાયનું અરજદારોને ચુકવણું કરાયું છે..

પાટણમાં ઉઘાડ નીકળતા રોગચાળો ફાટી ન નીકળે તે માટે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે. અત્યાર સુધીમાં મેડિકલ કેમ્પમાં 1 હજાર 27 દર્દીઓની પ્રાથમિક આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે અને લોકોને જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં વરસાદે વિદાય લેતા ભાભર નગરપાલિકાતંત્રએ રોડ રસ્તાઓની સાફ સફાઈ અને દવાઓના છંટકાવની કામગીરી હાથ ધરી છે. માર્ગ-મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત રસ્તા, રોડ, પુલ, પાપડી સહિતના માર્ગોનું યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે..

મહેસાણામાં વડનગર ખાતે રોડ રસ્તાઓની સાફ સફાઈની કામગીરી હાથ ધરાઈ છે.

-----------------

## JANDHAN YOJNA

જન-ધન યોજનાના અમલીકરણને એક દાયકો થયો છે.. છેલ્લા દસ વર્ષમાં નાણાંકીય સમાવેશના આ રાષ્ટ્રીય મિશનનું અભૂતપૂર્વ પરિણામ જોવા મળ્યું છે, અને હાલ 53 કરોડથી પણ વધુ લોકો મૂળભૂત નાણાકીય સેવાઓનો લાભ લઈ રહ્યા છે.

ગુજરાતમાં પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા 1 કરોડ 87 લાખને પાર થઈ ગઈ છે અને ખાતાઓમાં 9 હજાર 681 કરોડ રૂપિયાથી પણ વધારે બેલેન્સ નોંધાયું છે. રાજ્યસરકાર આ યોજનાનો લાભ ગુજરાતના વધુને વધુ નાગરિકો સુધી પહોંચે એવા સતત પ્રયાસ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યમાં વરસાદનું જોર ઘટી ગયુ છે.. આજે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીના બાર કલાકના ગાળામાં આઠ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે..જેમાં સુરત શહેરમાં એક ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો જ્યારે ભાવનગરમાં અડધા ઇંચ કરતાં  વધુ વરસાદ પડ્યો હતો...

હવામાન વિભાગે પણ રાજ્યમાં છુટાછવાટા વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે.. હવામાન વિભાગે આવતીકાલે દક્ષિણ ગુજરાતના વલસાડ , નવસારીમાં યલો એલર્ટ જાહેર કર્યું છે..

-----

# SURAT- GANESH MURTI

સુરતની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઇકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા વિતરણ પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલ કોમ્યુનિટી હોલમાં યોજાયો હતો.

કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકો તથા 250 જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણને બચાવવાના સંદેશા સાથે વિદ્યાર્થીઓએ ઇકો ફ્રેન્ડલી પ્રતિમાઓનું વિતરણ કર્યું હતું. શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં આ ઇકો ફ્રેન્ડલી ગણપતિની સ્થાપના કરવામાં આવશે. તેમ સુરતના પોલીસ કમિશનરે જણાવ્યું હતું,....

(બાઈટ : અનુપમસિંહ ગેહલોત, સુરત પોલીસ કમિશનર)

----------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- ભાદરવી અમાસ નિમિતે કોળીયાક નિષ્કલંક મહાદેવ મંદિર ખાતે દરીયાનું પાણી મંદિરનાં ઓટલાથી ઉતરીને આગળ જતું રહે તે પહેલાં દરીયામાં સ્નાન ન કરવાં અંગે જાહેરનામું બહાર પડાયું.
- ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં 75 દર્દીઓની આંખ તપાસ ડૉ. ચંદ્રકાન્તાની ટીમ દ્વારા કરવામાં આવી.
- કર્મ-મર્મને ભેદવાની તાકાત ધરાવતા જૈનોના પર્યુષણ પર્વનો આજથી પ્રારંભ થયો છે. જૈનોની સૌથી વધુ વસ્તી ધરાવતા સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી જૈન ભાઈ બહેનો ભક્તિમાં લીન બન્યા.
- પંચમહાલ જિલ્લામાં જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૬ સપ્ટેમ્બરે ચોથા ગુરૂવારના રોજ યોજવામાં આવશે. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.
- કચ્છ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં માસના બીજા મંગળવારે બાળતુલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં 0 થી ૬ વર્ષની ઉંમર ધરાવતા

બાળકોનું આંગણવાડી કાર્યકર દ્વારા નિયમિત વજન- ઉંચાઈ માપણીની કામગીરી કરવામાં આવે છે.

-------------